ગુજરાત સમાચાર , પાના નંબર :- ૦૪

તારીખ :- ૧૫/૦૪/૨૦૨૫




## રાહદારીઓ માટેની ફૂટપાથનું નવીનીકરણ કરવા સાથે

# પાટનગરમાં મેટ્રો સ્ટેશન પર વાહનો મુકવા પાર્કિંગ બનાવવાનું શરૂ કરાયું

ગાંધીનગર, મંગળવાર

પાટનગરમાં મેટ્રો ટ્રેનના સ્ટેશનો ધમધમતા થઈ ગયાં છે. ત્યારે મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા સ્ટેશનની નજીકમાં વાહનો માર્ટે પા કગ બનાવવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. તેનાથી ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા મુસાફરોને સુવિધા મળવાની સાથે સ્ટેશન નજીક ટ્રાફિક જામની સમસ્યા પણ ઉકેલાશે. દરમિયાન તંત્ર દ્વારા ડેમેજ થયેલી ફૂટપાથોના નવીનીકરણની કામગીરી પણ હાથ ધરાઈ છે.

## ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા મુસાફરોને સુવિધા મળશે : સ્ટેશન નજીક ટ્રાફિક જામની સમસ્યા ઉકેલાશે

મેટ્રોમાં મુસાફરી કરનારા વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને નાના વેપારીઓમાં ઘણા એવા પણ છે, જેમને તેના પરિવારજનો સ્ટેશન પર લેવા અને મુકવા આવતાં હોય છે. સ્વાભાવિક રીતે તેઓ રોડ પર પોતાનું વાહન ઉભુ રાખતાં હોવાથી રસ અવર્સ દરમિયાન સ્ટેશન પાસે રોડની એક લેન તેમના વાહનોથી રોકાયેલી રહેવાથી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી રહે છે. વધારામાં જે મુસાફરો બન્ને શહેર વચ્ચે અપડાઉન કરે છે. તેમને વાહન ક્યાં રાખવા તે મોટી સમસ્યા પણ સતાવતી હતી. હવે મેટ્રો સ્ટેશન પાસે જ વાહન પાર્કિંગ ઉભા થવાથી આ સમસ્યાનો હલ આવી જવાનો છે. રાબેતા મુજબના રેલવે સ્ટેશન જેવી જ અને એસટી ડેપોમાં પણ મળતી પાર્કિંગની સુવિધા નજીકના દિવસોમાં પાટનગરમાં મેટ્રો સ્ટેશન્સ પર ઉપલબ્ધ થાય તેના માટે સેક્ટર ૧૫માં એલડીઆરપી કોલેજ પાસે તથા સેક્ટર ૮માં સ્કૂલ પાસે કામગીરી હાથ ધરવામાં આવી છે. નોંધવું રહેશે, કે મેટ્રોના રૂટ તૈયાર કરવા અને સ્ટેશનો બાંધવા દરમિયાન ઘણી જગ્યાએ ફૂટપાથો ક્ષતિગ્રસ્ત બની ગઇ હતી. તેનું નવીનીકરણ પણ શરૂ કરાયું છે.